સાબરમતી પોલીસ સ્ટેશન ખાતેની શીટીમ ના પોલીસ અધિકારી કર્મચારીઓએ સાબરમતી આર્ટ્સ એન્ડ કોમર્સ કોલેજની મુલાકાત લઇ કોલેજની વિધાર્થિનીઓને કોઇ પણ જાતની તકલીફ હોય તો મહિલા સુરક્ષા હેલ્પ લાઇન ઉપયોગ કેવી રીતે કરવો અને જે તે તકલીફ બાબતેના નિવારણ સારુ જરુરી મદદ કેવી રીતે મેળવી શકાય તે બાબતે માહિતગાર કરવામાં આવ્યા







# પ્રેસનોટ

## ચોરી થયેલ સાયકલ સાથે એક કાયદા ના સંઘર્ષમાં આવેલ કિશોર ને પકડી લઇ ચોરી ના ગુના નો ભેદ ઉકેલતી સાબરમતી પોલીસ

માનનીય પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર – ૧ સાહેબ તથા નાયબ પોલીસ કમિશ્નર શ્રી ઝોન-૨ અમદાવાદ શહેર નાઓ તરફથી મિલકત સંબંધી ગુના રોકવા તેમજ બનેલ ગુના ઓ શોધવા સારૂ સૂચના આપેલ હોય જે સૂચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી એલ ડિવિઝન અમદાવાદ શહેર તથા પોલીસ ઇન્સપેક્ટર શ્રી સાબરમતી પો.સ્ટે. નાઓના માર્ગદર્શન હેઠળ આજરોજ સર્વે સ્કોર્ડ પો.સબ.ઇન્સ. શ્રી ડી.જી.બડવા તથા મ.સ.ઇ. રામમોહન ધરમસિંહ બ.નં-૮૧૪૨ તથા પો.કો. કમલેશકુમાર સોમાભાઇ બ.નં-૫૭૧૧, તથા પો.કો. હિતેષકુમાર નાગજીભાઇ બ.નં-૧૩૨૧૪ તથા પો.કો. જયેશકુમાર બાબુલાલ બ.નં.-૧૦૧૧૪ તથા પો.કો. ઉગાભાઇ રવજીભાઇ બ.નં-૧૧૮૪૬ તથા લોકરક્ષક અજ્યકુમાર નરસિંહભાઇ બ.નં-૧૪૦૨ તથા લોકરક્ષક ધર્મેદ્રસિંહ પ્રવિણસિંહ બ.નં-૧૦૭૦ તથા મહિલા લોકરક્ષક ભાવનાબેન ગંગાભારથી બ.નં-૯૦૬ નાઓ સાથે પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ખાનગી રાહે બાતમી હકીકત મળેલ કે ""અત્રે વખતે ભુત બંગલા તરફથી ચાંદખેડા વિસત સર્કલ તરફ જવાના નાકાં પાસે એક લાલ તથા કાળા કલર ની સ્પોર્ટ સાયકલ પાર્ક કરેલ હાલત માં પડેલ છે અને તેની બાજુમાં એક છોકરો બેઠેલ છે જે સાયકલ કોઇ જગ્યાએથી ચોરી અગર છળકપટ થી મેળવેલ હોવાનુ જણાય છે અને આ સાયકલની બાજુમાં બેઠેલ છોકરા એ શરીરે કાળા કલર નુ આખી બાયનુ ટી શર્ટ અને વાદળી કલર નો ચડ્ડો પહેરેલ છે." વિગેરે બાતમી હકીકત આધારે સાથેના સ્ટાફના માણસો સાથે રાખી હકીકત વાળી જગ્યાએ જઈ તપાસ કરતા ઉપરોક્ત વર્ણન વાળી સાયકલ સાથે એક કાયદા ના સંઘર્ષમાં આવેલ કિશોર મળી આવતાં જે સાયકલ બાબતે તપાસ કરતાં સાબરમતી પોલીસ સ્ટેશન ફસ્ટ ગુના રજી. નં. ૧૧૯/૨૦૧૯ ઇ.પી.કો. ૩૭૯ મુજબના કામે ચોરી થયેલ હોય સાયકલ કિંમત રૂપિયા ૧૫,૦૦૦/-ની આ ગુના ના કામે કબજે લઇ કાયદા ના સંઘર્ષમાં આવેલ કિશોર ની વિરૂદ્ધ ધોરણસર કાર્યવાહી કરી ગુનો ડિટેક્ટ કરવામાં આવેલ છે અને હાલમાં આગળની વધુ તપાસ ઇન્વે. સ્કોડ મ.સ.ઇ. હર્ષદકુમાર ચંદુલાલ બ.નં-૪૮૪૯ નાઓ ચલાવી રહેલ છે.

તા.૦૭/૦૮/૨૦૧૯



રાણીપ પોલીસ સ્ટેશન ખાતેની શીટીમ ના પોલીસ અધિકારી કર્મચારીઓએ શાકમાર્કેટની મુલાકાત લઇ મહિલાઓને કોઇ પણ જાતની તકલીફ હોય તો મહિલા સુરક્ષા હેલ્પ લાઇન ઉપયોગ કેવી રીતે કરવો અને જે તે તકલીફ બાબતેના નિવારણ સારુ જરુરી મદદ કેવી રીતે મેળવી શકાય તે બાબતે માહિતગાર કરવામાં આવ્યા



